# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 13-05-2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY : WEDNESDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) 14 ખરીફ પાકના લઘુત્તમ ટેકાના ભાવ અને કોલસા અને લિગ્નાઈટ ગેસિફિકેશન પરિયોજનાઓ માટે સંવર્ધન યોજનાને કેન્દ્રીય મંત્રીમંડળની મંજૂરી.
2) અમદાવાદ-સરખેજ-ધોલેરા સેમી હાઈસ્પીડ ડબલ લાઈન પરિયોજનાને આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિની મંજૂરી.
3) મુંબઈની મેજિસ્ટ્રેટ અદાલતે નીટ પરીક્ષા ગેરરીતિ મામલે શુભમ ખૈરનારને બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ પર C.B.I.ને સોંપ્યો
4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનના તેમના સમકક્ષ સાથે ઉચ્ચ-સ્તરીય શિખર સંમેલનમાં ભાગ લેવા આજે બેઇજિંગ પહોંચ્યા
5) ગુજરાતમાં ચાલી રહેલી એશિયન વેઇટલિફ્ટિંગ સ્પર્ધામાં ભારતીય ખેલાડી જ્ઞાનેશ્વરી યાદવે બે ચંદ્રક જીત્યાં.

…………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે **સવારે 7 વાગીને 10 મિનિટે** પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV CABINET OVERALL

કેન્દ્રીય મંત્રીમંડળે આજે માર્કેટિંગ મોસમ 2026-27 માટે 14 ખરીફ પાકના લઘુત્તમ ટેકાના ભાવમાં વધારાને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, સરકારે ખેડૂતોને તેમના પાકની લાભદાયી કિંમત સુનિશ્ચિત કરવા ખરીફ પાકના ટેકાના ભાવમાં વધારો કર્યો છે. આ સાથે જ ખેડૂતોને આ મોસમ માટે બે લાખ 60 હજાર કરોડ રૂપિયાની ચૂકવણી કરાશે.

(BYTE: ASHWINI VAISHNAW) – KHARIF

કેન્દ્રીય મંત્રીમંડળે 37 હજાર 500 કરોડ રૂપિયાના ખર્ચે કોલસા અને લિગ્નાઈટ ગેસિફિકેશન પરિયોજનાઓ માટે સંવર્ધન યોજનાને મંજૂરી આપી હોવાનું શ્રી વૈષ્ણવે જણાવ્યું. તેમણે આ યોજનાને ભારતના કોલસા અને લિગ્નાઈટ ગેસિફિકેશન કાર્યક્રમને ગતિ આપવામાં મહત્વની ગણાવતા કહ્યું, આ યોજનાનો ઉદ્દેશ અંદાજે સાત કરોડ 50 લાખ ટન કોલસા અને લિગ્નાઈટના ગેસિફિકેશન માટે સિન્ગેસ અને સંબંધિત વસ્તુઓ માટે નવી પરિયોજનાઓને પ્રોત્સાહિત કરવાનો છે. આ પરિયોજના વર્તમાન ભૂ-રાજકીય સ્થિતિમાં આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયાને સશક્ત બનાવશે.

(BYTE: ASHWINI VAISHNAW) – GASIFICATION

ઉપરાંત મંત્રીમંડળે જાહેર ખાનગી ભાગીદારી અંતર્ગત નાગપુર આંતરરાષ્ટ્રીય વિમાનમથકના અદ્યતન અને આધુનિકીકરણને પણ મંજૂરી આપી છે

# CCEA

આર્થિક બાબતોની મંત્રીમંડળની સમિતિએ અંદાજે 20 હજાર 667 કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદ–સરખેજ–ધોલેરા સેમી હાઈસ્પીડ ડબલ લાઈન પરિયોજનાને મંજૂરી આપી. કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું, સ્વદેશી રીતે વિકસિત ટેક્નિકથી તૈયાર કરાયેલી ભારતીય રેલવેની આ પહેલી સેમી હાઈસ્પીડ પરિયોજના હશે.

પરિયોજનાનો આ ખંડ અમદાવાદ, ધોલેરા S.I.R, આગામી ધોલેરા વિમાનમથક અને લોથલ રાષ્ટ્રીય દરિયાઈ ધરોહર પરિસર વચ્ચે સરળ સંપર્ક પૂરો પાડશે. આ પરિયોજના હજારો કિલોમીટર દૂર રહેતા લોકોને પણ એકબીજાની નજીક લાવશે.

# MAHARASHTRA NEET PAPER LEAK

મુંબઈની એક મેજિસ્ટ્રેટ અદાલતે નીટ પરીક્ષા ગેરરીતિ મામલે શુભમ ખૈરનારને બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ પર કેન્દ્રીય તપાસ સંસ્થા – C.B.I.ને સોંપ્યો છે. નાસિક પોલીસની ગુનાશાખાએ ગઈકાલે રાજસ્થાન પોલીસના અનુરોધ પર ખૈરનારને કસ્ટડીમાં લેતા તેને મેજિસ્ટ્રેટ અદાલતમાં રજૂ કરાયો, જ્યાં C.B.I.એ આગળની તપાસ માટે તેને દિલ્હી લઈ જવા ટ્રાન્ઝીટ રિમાન્ડ માગ્યા હતા.

C.B.I.એ અદાલતને જણાવ્યું, અન્ય રાજ્યના લોકો પણ આ ગેરરીતિમાં સામેલ હોવાની આશંકાના આધારે ખૈરનારની પૂછપરછ જરૂરી છે. અદાલતે આ બાબત ગ્રાહ્ય રાખીને ખૈરનારને બે દિવસના ટ્રાન્ઝીટ રિમાન્ડ પર મોકલ્યો છે.

બીજી તરફ મહારાષ્ટ્રમાં પુણે પોલીસે નીટના પ્રશ્નપત્રમાં ગેરરીતિ મામલે બેબવે-વાડી વિસ્તારમાંથી એક મહિલાની ધરપકડ કરી. પોલીસ કમિશનર અમિતેશ કુમારે કહ્યું, આ મહિલાની પ્રાથમિક પૂછપરછ બાદ CBIને સોંપી દેવાઈ છે.

ઉલ્લેખનીય છે કે, મેડિકલ કૉલેજમાં સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ગત ત્રણ મેએ લેવાયેલી નીટ પરીક્ષા ગેરરીતિના આક્ષેપના કારણે ગઈકાલે રદ કરવામાં આવી હતી. સરકારે પણ CBIને ગેરરીતિની વ્યાપક તપાસના નિર્દેશ આપ્યા છે.

# REV CBSE RESULT

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બૉર્ડ – CBSEએ આજે ધોરણ 12 બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર કર્યું. આ વખતનું કુલ પરિણામ 85.20 ટકા રહ્યું છે. વિદ્યાર્થીઓ CBSEની સત્તાવાર વૅબસાઈટ, ડિજિલૉકર અને ઉમંગ ઍપ પર તેમનો રોલ નંબર ભરીને પરિણામ જોઈ શકે છે. આ વર્ષે CBSEની ધોરણ 12ની વિજ્ઞાન, વાણિજ્ય અને માનવતા વિષયોની પરીક્ષા 17 ફેબ્રુઆરીથી 10 એપ્રિલ સુધી યોજાઈ હતી.

CBSEએ એક નિવેદનમાં જણાવ્યું, 17 લાખ 68 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી 15 લાખ સાત હજારથી વધુ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા. આ વખતે 88.86 ટકા પરિણામ સાથે વિદ્યાર્થિનીઓ વિદ્યાર્થીઓ કરતા આગળ રહી છે. જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ 82.13 ટકા રહ્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

# PM MODI SHAH CONVOY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ઘરેલુ પ્રવાસ માટે તેમના કાફલાનું કદ ઘટાડ્યું છે. વિશેષ સુરક્ષા સમૂહ – SPG પ્રોટોકોલ અંતર્ગત જરૂરી તમામ આવશ્યક સુરક્ષા વ્યવસ્થાઓ યથાવત્ રખાઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રધાનમંત્રીએ તેમના કાફલામાં વાહનોની સંખ્યામાં ઘટાડો ગુજરાત અને આસામના તેમના તાજેતરના પ્રવાસ દરમિયાન કર્યો હતો.

આ પગલું પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે આયાત થતા ઇંધણ પર નિર્ભરતા ઘટાડવા અને પર્યાવરણ અનુકૂળ વિકલ્પ અપનાવીને આર્થિક મજબૂતીમાં યોગદાન આપવા પ્રધાનમંત્રીએ સાત અપીલને અનુરૂપ છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ તેમના કાફલાની સંખ્યા અડધાથી પણ ઓછી કરી દીધી છે.

# GUJARAT CONVOY DECREASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઇંધણ બચત અંગેની અપીલ બાદ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રીમંડળના સભ્યોએ તેમની ગાડીઓનો કાફલો ઘટાડ્યો. મુખ્યમંત્રી આજે અમરેલીમાં એક કાર્યક્રમમાં માત્ર પાંચ ગાડીના કાફલા સાથે પહોંચ્યા હતા.

જ્યારે નાયબ મુખ્યમંત્રીના કાફલામાં પણ હવે માત્ર ત્રણ ગાડી જોવા મળશે. કેટલાક વિભાગની બેઠકો વર્ચ્યૂઅલ માધ્યમથી યોજવા પણ નિર્ણય કરાયો હોવાનું કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું.

# AIR INDIA FLIGHT

એર ઇન્ડિયાએ વાયુ ક્ષેત્ર નિયંત્રણ અને વિમાન ઇંધણની વધતી કિંમતને ધ્યાને રાખી આંતર-રાષ્ટ્રીય ઉડાનોની સંખ્યામાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો. આ માટે વિદેશી માર્ગ પર કેટલીક સેવાઓને કામચલાઉ ધોરણે સ્થગિત કરવામાં આવી છે.

એર ઇન્ડિયાએ જણાવ્યું, આંતર-રાષ્ટ્રીય ઉડાન સેવાઓમાં આ કાપ આ વર્ષે જૂનથી ઑગસ્ટ સુધી રહેશે. જ્યારે દિલ્હી-શિકાગો, મુંબઈ-ન્યૂયોર્ક, દિલ્હી-શાંઘાઈ, ચેન્નઈ-સિંગાપોર અને બે અન્ય માર્ગ પર કામચલાઉ ધોરણે ઉડાનની સંખ્યા ઘટાડી દેવાશે.

# REV TRUMP CHINA VISIT

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનના તેમના સમકક્ષ શી જિનપિંગ સાથે ઉચ્ચ-સ્તરીય શિખર સંમેલનમાં ભાગ લેવા આજે બેઇજિંગ પહોંચ્યા. આવતીકાલથી શરૂ થતી તેમની બે દિવસીય વાટાઘાટો દરમિયાન, બંને નેતા ઈરાન સાથે સંઘર્ષ, તાઇવાનને અમેરિકાના શસ્ત્રોનું વેચાણ, વેપાર અને કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. અને વિશ્વના બે સૌથી મોટા અર્થતંત્ર વચ્ચે વધતી જતી આર્થિક અને ટેક્નિકલ સ્પર્ધા વચ્ચે ટૅરિફ એટલે કે વેરો સહિતના વિવિધ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

શ્રી ટ્રમ્પ ટોચના ઉદ્યોગ અને ટેક્નોલોજી કાર્યકારી અધિકારીઓને સાથે લઈ ગયા છે, જે દ્વિપક્ષીય સંબંધમાં આર્થિક અને ટેક્નિકલ મુદ્દાઓના મહત્વ પર ભાર મૂકે છે. ચીન જતા પહેલા શ્રી ટ્રમ્પે આવનારા દાયકાઓ સુધી વૉશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચે મજબૂત સંબંધ માટે તેમનો આ પ્રવાસ માર્ગ મોકળો કરી શકે છે.

# ASIAN WEIGHTLIFTING CHAMPIONSHIPS

ગુજરાતના ગાંધીનગરમાં ચાલી રહેલી એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં આજે ભારતીય ખેલાડી જ્ઞાનેશ્વરી યાદવે બં ચંદ્રક જીત્યા. સત્તાવાર યાદી મુજબ, મહિલાઓની 53 કિલો વજનવર્ગ શ્રેણીમાં રોમાંચક સ્પર્ધા જોવા મળી. આજે ખેલાડી જ્ઞાનેશ્વરી યાદવે સ્નેચમાં 88 કિલો સાથે રજત અને કુલ 194 કિલો સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

જ્યારે ચીનનાં જિનલાન ઝાઓએ સ્નેચમાં 95 કિલો, ક્લીન એન્ડ જર્કમાં 121 કિલો અને કુલ 216 કિગ્રા વજન ઉઠાવીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો. જ્યારે વિએતનામના હોઆઉ હુઆંગ ન્યુગેને સ્નેચમાં 87 કિલો, ક્લિન એન્ડ જર્કમાં 108 કિલો અને 195 કિલો વજન ઉઠાવીને રજત ચંદ્રક જીત્યો છે.

# THAILAND OPEN

બેંકોકમાં થાઈલૅન્ડ ઑપન બેડમિન્ટનમાં પી. વી. સિંધુ, માલવિકા બંસોડ, દેવિકા સિહાગ અને કિદામ્બી શ્રીકાંત પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યાં. મહિલા સિંગલ્સમાં પી. વી. સિંધુએ ચીની તાઈપેનાં તુંગ સિઉ-ટૉન્ગને સીધા સેટમાં 21-9, 21-12-થી હરાવ્યાં.

જ્યારે માલવિકાએ કેનેડાનાં વેન યૂ ઝાંગ અને દેવિકાએ જાપાનનાં નાત્સુકી નિદાઈરાને પરાજય આપ્યો. પુરુષ સિંગલ્સમાં કિદામ્બી શ્રીકાંતે સિંગાપોરના લોહ કીન યૂને હરાવી ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો. જ્યારે આયૂષ શેટ્ટી, થારૂન મન્નેપલ્લી, ઉન્નતિ હુડ્ડા, તનવી શર્મા અને અણમોલ ખરબને હારનો સામનો કરવો પડ્યો.